ગાંધીનગર સમાચાર
તા. ૨૬-૭-૨૦૧૩, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી.....

### ગરીબી સાથે ચેડાં કરતું આયોજન પંચ

આપણા મહાન લોકશાહી રાષ્ટ્ર માટે એની ગરીબીએ એમિટ ઓળખ ચિહ્ન બની રહેલ છે. ક્યારેક સોનપંખી સાથે સરખાવતા દેશને એના શાસકોએ એવો તો ફોલી ખાધો છે કે લાખ ઉપાય છતાં એ વિશ્વના સમૃદ્ધ દેશોની હરોળમાં આવી શક્યો નથી. ગરીબી એ રાજનેતાઓના ભાથાનું અમોઘ શસ્ત્ર છે. એનો ઉપયોગ સવિશેષ પણે ચૂંટણી ટાણે થતો રહે છે. નેતાઓ મગરનાં આંસુ સારતા ગરીબોના મસીહા બની ઊતરી પડે છે. એમને ઘોળે દિવસે તારા દેખાડે છે. ફૂલગુલાબી ભવિષ્યના મેઘધનુશી સ્વપ્નમાં રાચતો ગરીબ વખત પૂરતો રાજાપાઠમાં આવી જઈ એની ગરીબીની દુહાઈ દેનારા નેતાઓને તનતોડ મહેનત કરી જિતાડી દે છે. પછી પાંચ વરસ સુધી નેતાઓની ચાતક નજરે રાહ જોતો રહે છે જે નવી ચૂંટણી જાહેર થતાં ફરી પાછા ચોમાસાનાં દેડકાંની જેમ ઘોર નિદ્રામાંથી ઓચિંતા જાગી જઈ એની સામે ભીખનું શકોરું લઈ મત માગવા હાજર થઈ જાય છે.

આયોજન પંચના વડા મોન્ટેકસિંહ આહલુવાલિયાએ સપનામાં પણ ગરીબી જોઈ હશે કે કેમ એ પ્રશ્ન છે. જેમણે ગરીબીનો ક્યારેય અનુભવ નથી કર્યો એવા પાશ્ચાત્ય શૈલીનું જીવન અપનાવી ચૂકેલા તજજ્ઞો આ દેશના ગરીબો અને એમની ગરીબીની ચિંતા કરે છે. દેશના આયોજન પંચમાં આવા નિષ્ણાત અર્થશાસ્ત્રીઓને ઊંચાં માનદ્ વેતન સાથે નિમણૂક અપાતી રહે છે. છેલ્લે આયોજન પંચે એક ટોઈલેટ પાછળ પિસ્તાળીસ લાખ રૂપિયાની રકમ ખર્ચી હોવાના સમાચાર મીડિયામાં ચમક્યા હતા. એ જ આયોજન પંચે દેશના નાગરિકોને ખુશખબર આપતાં નવ આંકડા જાહેર કર્યા છે જે મુજબ મનમોહનસિંહ સરકારના શાસનકાળમાં ગરીબીનું પ્રમાણ સારું એવું ઘટ્યું છે. આયોજન પંચના દાવા મુજબ શહેરમાં રહેનાર વ્યક્તિ રોજના તેત્રીસ રૂપિયા તેત્રીસ પૈસા અને ગામનો માનવી રોજના સત્યાવીસ રૂપિયા વીસ પૈસા ખર્ચી શકતો હોય તો તે 'ગરીબ' નથી. એથી ઓછો ખર્ચ કરનાર જ ગરીબી રેખા નીચેના વર્ગમાં ગણાશે. આ નવી વ્યાખ્યા આયોજન પંચની સુરેશ તેન્ડુલકર સમિતિની ભલામણો પર આધારિત છે. નવા આંકડા જાહેર થતાંની સાથે ઘણી મોટી સંખ્યાના 'ગરીબો' ગરીબી રેખાની બહાર ફેંકાઈ જશે. પરિણામે એમને બીપીએલ શ્રેણીના લાભો મળી શકશે નહીં. આ જાદુઈ આંકડા જાહેર થતાંની સાથે વિવિધ રાજકીય પક્ષો સહિત સમાજના દરેક વર્ગમાં ચણભણ શરૂ થવા પામી છે. ખુદ કેન્દ્રીય મંત્રી અને યુપીએના ઘટક પક્ષ એનસીપીના વરિષ્ઠ નેતા પ્રફુલ્લ પટેલે ગરીબી વિશએના આ માપદંડને ખોટો ગણાવ્યો છે. પ્રવર્તમાન મોંઘવારી, ડોલર સામે સતત ગગડતો જતો રૂપિયો- એ બધી બાબતોને નજરઅંદાજ કરી શકાય ખરી? આયોજન પંચ બાબા આદમના જમાનાના માપદંડને વળગી રહી મનઘડંત વ્યાખ્યાઓ ઘડી કાઢે એ ગરીબોની ક્રૂર મશ્કરી જ ગણાય. સામ્યવાદી પક્ષનાં વૃંદા કરાતે આ આંકડાબાજીને ગરીબોના ઘા પર મીઠું ભભરાવવા જેવું જઘન્ય કૃત્ય ગણાવ્યું છે તો વળી ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તાએ આ આંકડા જાહેર કરી સરકાર બીપીએલ લાભાર્થીઓની સંખ્યા ઘટાડવા માગતી હોવાનો આક્ષેપ કર્યો છે. આયોજન પંચે છેલ્લાં આઠ વર્ષ દરમિયાન ગરીબી ૧૫.૩ ટકા ઘટી હોવાનો દાવો કર્યો છે. ૨૦૦૪-૫માં ગરીબીનું પ્રમાણ ૩૭.૩ ટકા હતું તે ૨૦૧૧-૧૨માં ઘટીને ૨૧.૯ ટકા રહેવા પામ્યું છે. આ બધા આંકડા એ સરકારી ચોપડાઓની તિકડમબાજી છે. મોંઘવારી સતત કૂદકે ને ભૂસકે વધતી જ રહી છે ત્યારે જીવન જ સસ્તું બની ગયું છે. પાંચ વર્ષ અગાઉ મધ્યમ વર્ગની ગૃહિણીને રસોડાનું બજેટ એટલું આકરું નહોતું લાગતું જેટલું આજે લાગે છે. આજે તો પરિસ્થિતિ એ છે કે નિમ્ન મધ્યમવર્ગ પણ ધીમેધીમે ગરીબોની હરોળમાં આવી રહ્યો છે. ગરીબી હટાવવા મેદાને પડેલા તંત્રવાહકો ખરેખર એક દિવસ ગરીબોને હટાવીને જંપશે.

# માઉન્ટ કાર્મેલ સ્કૂલ કેબિનેટના પરંપરાગત શપથવિધિ સમારોહનું શાનદાર આયોજન

## સ્કૂલ પ્યુપીલ્સ લીડર શ્રી મહર્ષિ રાવલે સમગ્ર સ્કૂલ કેબિનેટને શપથ લેવડાવ્યા

ગાંધીનગર, તા.૨૫

માઉન્ટ કાર્મેલ સ્કૂલની વર્ષ ૨૦૧૩-૧૪ની સ્કૂલ કેબિનેટનો શપથવિધિ સમારોહ આજે પરંપરાગત અને શાનદાર રીતે યોજાઈ ગયો. બહુમતિથી ચૂંટાઈ આવેલા સ્કૂલ પ્યુપીલ્સ લીડર શ્રી મહર્ષિ રાવલે જિલ્લા શિક્ષણાધિકારી શ્રી વી.આર.ગોસાઈ, શ્રી જાદવ, બી.એસ.એફ. ના વડા શ્રી કે. થોમસના ધર્મપત્ની શ્રીમતી મેરીન થોમસ તથા પ્રિન્સિપાલ સિસ્ટર રેણુકા તથા સ્કૂલ કાઉન્સિલર શ્રીમતી મમતા રાવલની ઉપસ્થિતિમાં સમગ્ર સ્કૂલ કેબિનેટને શપથ લેવડાવ્યા હતા.

માઉન્ટ કાર્મેલ સ્કૂલની વર્ષ ૨૦૧૩-૧૪ માટેની કેબિનેટમાં આસી. સ્કૂલ પ્યુપીલ્સ લીડર તરીકે આર્યા પંડિત, રમત-ગમત મંત્રી તરીકે જયવીરસિંહ પરમાર, સહમંત્રી તરીકે ભાર્ગવ યાજ્ઞિક, શિસ્ત મંત્રી-કેતુલ સુરતી, સહમંત્રી-દેવ પટેલ, સાંસ્કૃતિક મંત્રી-ગરિમા પટેલ, સહમંત્રી-નેહા ગોપલાણી, સ્વચ્છતા મંત્રી-સ્મિત રાવલ, સહમંત્રી-ઉર્વિ પ્રજાપતિ તથા સુરિન મહેતા પસંદગી પામ્યા છે. સ્કૂલમાં રેડ બ્લુ, ગ્રીન અને યલો સ્કોડ પણ રચવામાં આવ્યા છે. પ્રેમા (રેડ) સ્કોડમાં પ્રેમ પ્રજાપતિ અને સહાયક તરીકે મૈત્રી પટેલ, નિર્મલા (બ્લુ) સ્કોડમાં ઋત્વી બ્રહ્મભટ્ટ અને સહાયક તરીકે નિહાલ પ્રજાપતિ, શાંતિ (ગ્રીન) સ્કોડમાં રોશની થોમસ અને સહાયક તરીકે દૈવીક પુરાણી તથા સત્ય (યલો) સ્કોડના લીડર તરીકે દિવ્યેશ નાવડીયા તથા સહાયક તરીકે વિશ્વા પરમારની વરણી કરવામાં આવી છે.

સ્કૂલ કેબિનેટના સહુ સભ્યોને આલ્મામેટર ધ્રુવી લાલાકીયાએ ફરજો અને જવાબદારીઓ સમજાવી હતી. સહુ સભ્યોએ પોતાનું કર્તવ્ય નિભાવવાની બાંહેધરી આપી હતી. ત્યાર બાદ સ્કૂલના વિદ્યાર્થીઓના લીડર શ્રી મહર્ષિ રાવલે કેબિનેટના સહુ સભ્યોએ શપથ લેવડાવ્યા હતા. નવી કેબિનેટે પોતપોતાના હાથમાં દીપ પ્રગટાવીને ગાઈડીંગ લાઈટ પ્રાર્થનાનું ગાન કર્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત જિલ્લા શિક્ષણાધિકારી શ્રી વી.આર. ગોસાઈએ વિદ્યાર્થીઓને અભ્યાસની સાથોસાથ રમત-ગમત અને સંગીત-કલા જેવી ઈતર પ્રવૃત્તિઓમાં પણ મહારથ હાંસલ કરવા અનુરોધ કર્યો હતો. સ્કૂલના પ્રિન્સિપાલ સિસ્ટર રેણુકાએ નવી કેબીનેટને અભિનંદન અને શુભકામનાઓ પાઠવ્યા હતા. આ પ્રસંગે સિસ્ટર મારિયા શાંતિ તથા શાળાના વાલીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર સમારોહનું સંચાલન ટીચર શ્રીમતી દિપ્તીબેન હરજાનીસે કર્યું હતું.

પપ્પા તમે વ્રતમાં મને ખવડાવેલ સુકા મેવાનાં પૈસા વસુલ થઈ ગયા છે...! જો મને મનગમતો વર મળી ગયો છે...!

## ગાંધીનગરમાં પ્રેરણા વિદ્યાલય ખાતે લાયોનેસ કલબ દ્વારા કવેસ્ટ સેન્ટરનો પ્રારંભ

ગાંધીનગર, તા.૨૫

બાળકોના ચારિત્ર્ય ઘડતર માટે વિશેષ જાગૃતિ લાવવા અને બાળકના સર્વાંગી વિકાસ માટે અસરકારક પગલાં લેવાના ભાગરૂપે લાયોનેસ ક્લબ ઑફ ગાંધીનગર ધ્વારા પ્રેરણા વિદ્યાલય, સેક્ટર-૫ ખાતે કવેસ્ટ સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે. લાયન્સ ડિસ્ટ્રીક્ટ ૩૨૩ બી ના લાયન્સ કવેસ્ટ ડિરેક્ટર શ્રીમતી સૌદામિનીબેન પટેલ અને કો-ઓર્ડીનેટર શ્રીમતી પલ્લવીબેન શેઠની ઉપસ્થિતિમાં આ કવેસ્ટ સેન્ટરનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

કવેસ્ટ સેન્ટરના માધ્યમ ધ્વારા બાળકો અને વાલીઓને ઉપયોગી પુસ્તકો અને માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. ૨૦૦ થી વધારે ઉપયોગી પુસ્તકો ધ્વારા વાલીઓને બાળ ઉછેરમાં ધ્યાન રાખવા જેવી બાબતોની વિશેષ સમજણ આપવામાં આવે છે તથા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે જરૂરી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે.

પ્રેરણા વિદ્યાલયના આચાર્યા શ્રીમતી સ્વાતીબા રાઓલે સ્વાગત ઉદ્બોધન કર્યું હતું. આ પ્રસંગે લાયોનેસ કલબના ભૂતપૂર્વ પ્રમુખ શ્રીમતી મમતાબેન રાવલ

અને શ્રીમતી રીટાબા સોલંકી ઉપસ્થિત રહ્યા હતા. લાયોનેસ કલબના પ્રમુખ શ્રીમતી આરતીબેન ભટ્ટએ આભાર વિધિ કરી હતી. સેક્રેટરી શ્રીમતી મીનાક્ષી જયસિંઘાણી તથા અન્ય લાયોનેસ બહેનો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## જલારામ સેવા સમાજ તેજસ્વી તારલાઓને સન્માનશે

ગાંધીનગર, તા.૨૫

શ્રી જલારામ સેવા સમાજ દ્વારા વિદ્યા પુરસ્કાર સમારંભ યોજાનાર છે. જેમાં સમાજના વિદ્યાર્થીઓની માર્કશીટ શ્રી જલારામ ધામમાં મેનેજર પાસે તા. ૩૧મી જુલાઈ સુધી જમા કરાવવા જણાવવામાં આવે છે તેમ શ્રી જલારામ સેવા સમાજના મંત્રીશ્રી જીતેન્દ્રકુમાર રસિકલાલ સેજાણીએ જણાવેલ છે.

# વાડોકાઈ કરાટેમાં ગાંધીનગરનાં ત્રણ વિદ્યાર્થીઓએ બ્લેક બેલ્ટની પદવી મેળવી

ઓલ ઈન્ડિયા વાડોકાઈ કરાટે-ડો એસોસીએશન દ્વારા માન્યતાપ્રાપ્ત વાડોકાઈ કરાટે-ડો અકેડમી, ગુજરાત દ્વારા ગાંધીનગર સહિત ૧૧ જિલ્લાઓમાં કરાટેનું પ્રશિક્ષણ આપતા કેન્દ્રો ચલાવવામાં આવી રહ્યાં છે. અકેડમીનાં સંસ્થાપક અને ગુજરાતનાં જાણીતા કરાટે નિષ્ણાત ઓ'સેનસાઈ શ્રી અરવિંદભાઈ રાણાના માર્ગદર્શનમાં સમગ્ર ગુજરાતમાં હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓ કરાટેનું પ્રશિક્ષણ મેળવી રહ્યા છે.

ગાંધીનગરમાં ચાલતા નિયમિત પ્રશિક્ષણ વર્ગનાં સેનસાઈ શ્રી ગૌરાંગ રાણાનાં વર્ગમાં અભ્યાસ કરતા ત્રણ વિદ્યાર્થીઓને તાજેતરમાં બ્લેક બેલ્ટની પદવી એનાયત કરવામાં આવી હતી. જેમાં શ્રી ઈશાન એમ. જોશીને કન્ફર્ફ બ્લેક બેલ્ટ અર્થાત શોદાનની ડીગ્રી એનાયત કરવામાં આવી હતી. જ્યારે અન્ય બે વિદ્યાર્થીઓ શ્રી મંથન સી. કામ્બલે તથા શ્રી ઝેનીથ ટી. પરમારને પ્રોવીઝનલ બ્લેક બેલ્ટની ડીગ્રી એનાયત કરવામાં આવી હતી. આ વિદ્યાર્થીઓ પાંચ કરતા વધારે વર્ષોથી કરાટેનો નિયમિત અભ્યાસ કરી રહ્યાં છે. સેનસાઈ શ્રી ગૌરાંગભાઈ રાણાના માર્ગદર્શનમાં તેઓએ વ્હાઈટ બેલ્ટથી શરૂ કરીને બ્લેક બેલ્ટ સુધીના અભ્યાસક્રમમાં સમાવિષ્ટ વિવિધ ટેકૂનિક્સનું સઘન પ્રશિક્ષણ પ્રાપ્ત કરી સફળતાપૂર્વક પરીક્ષામાં ઉત્તિર્ણ થયા છે.

અકેડમીનાં સંસ્થાપક ઓ'સેનસાઈ શ્રી અરવિંદભાઈ રાણાના વરદ હસ્તે તાજેતરમાં અકેડમીનાં સેક્ટર-૨૮ ખાતે આવેલા મુખ્યાલયનાં હોલમાં વિદ્યાર્થીઓને બ્લેક બેલ્ટની પદવી એનાયત કરવામાં આવી હતી. પદવી એનાયત કરતા પહેલાં પોતાના પ્રાસંગિક ઉદ્બોધનમાં ઓ'સેનસાઈ શ્રી અરવિંદભાઈ રાણાએ જણાવ્યું હતું કે કરાટેમાં બ્લેક બેલ્ટની પદવીને ભારતમાં બહુ મોટી માનવામાં આવે છે પણ વાસ્તવિકતા કાંઈક જુદી જ છે. આંતરરાષ્ટ્રીય કક્ષાની આધિકારીક સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે ઓછામાં ઓછી યોગ્યતા બ્લેક બેલ્ટની છે. એટલે બ્લેક બેલ્ટ સુધી પહોંચ્યા પછી કરાટે શીખવાનું બંધ કરી દેવાની પરંપરા ખોટી છે. બ્લેક બેલ્ટ બાદ પાંચ વર્ષ સુધીનો અભ્યાસક્રમ પૂર્ણ કરવાનો હોય છે.

કરાટેમાં વિશેષ યોગ્યતા પ્રાપ્ત કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ ઓછામાં ઓછું થર્ડ ડીગ્રી બ્લેક બેલ્ટ સુધીનો અભ્યાસ કરવાનું લક્ષ્ય બનાવાની તેમણે પ્રેરણા આપી હતી.

## જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય વિવિધ રમતોમાં પ્રથમ સ્થાને

ગાંધીનગર, તા.૨૫

જે.એમ.ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની બાળાઓએ તાલુકા કક્ષાની વિવિધ રમતો કબડ્ડી, ખોખો, વોલીબોલમાં ભાગ લીધો હતો. જેમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે. જે જિલ્લા કક્ષાએ રમવા જશે. આચાર્યશ્રી સંતોકબેન ચૌધરી, વ્યાયામ શિક્ષિકા સુતરિયા મિનાક્ષીબેન, ચૌધરી લીલાબેન, દેસાઈ હેતલબેને અભિનંદન પાઠવ્યા હતા.

# સુરેશભાઈનું સ્વરાકાશ હંમેશ સૂર અને સરગમથી રણકતું રહે અને એ રણકાર સતત ગુંજતો રહે..!

## સાત સૂરોનું સરનામું સુરેશ રત્નોત્તર

## કેફિયત કલા સાધકની

આશા સરવૈયા

સંગીત વિના જીવન કલ્પી જ કેમ શકાય? જીવનનાં સુખ-દુઃખ, આશા-નિરાશા, પ્રેમ-નારાજગી, મિલન-જુદાઈ એ દરેક પ્રકારની લાગણીઓ જયારે શબ્દોમાં ઢળે અને એ શબ્દોનો સમન્વય જયારે સૂર અને સંગીત સાથે થાય છે ત્યારે સર્જાય છે સૂર... સરગમ. આજે આવા જ સૂર... સરગમ... સંગીત સભર વ્યક્તિનો પરિચય મેળવીએ. આ વ્યક્તિ એટલે ઈન્દ્રધનુષી પ્રતિભાના માલિક સુરેશકુમાર શિવરામભાઈ રત્નોત્તર.

સંતશ્રી સવૈયાનાથની પાવનભૂમિ મુ. ઝાંઝરકા (તા. ધંધુકા, જિ. અમદાવાદ) વતનનાં ૧૯૬૦માં જન્મેલા સુરેશભાઈનાં પિતા શિવરામભાઈ પ્રખર જયોતિષી તથા ગાયક સંગીતકાર હતા. માતા વીરૂબેને પણ ભજન, લગ્નગીતો, લોકગીતોનો પોતાના મધુર સ્વરોથી પરિચય કરાવ્યો. આમ પાંચે ભાઈઓ અને એક બહેન - દરેકને સંગીતનો અમીરસ ગળથૂથીમાં જ પ્રાપ્ત થયો.

સુરેશભાઈનું પ્રાથમિક શિક્ષણ ધો.૧ થી ૬ ઝાંઝરકા ખાતે. જયારે ધો.૭ નો પાસેનાં ગામ સરવાળમાં અભ્યાસમાં સરસ્વતીની કૃપા પાત્ર આ સુરીલા દીકરાએ પ્રાથમિક શાળામાં જ પ્રથમ ગીત ગાઈને સંગીત ક્ષેત્રે પ્રવેશ કર્યો. આસપાસના વિસ્તારમાં હાઈસ્કૂલ ન હોવાથી સુરેશભાઈના મોટાભાઈ ચીમનલાલ રત્નોત્તર (જેઓ આકાશવાણી દૂરદર્શનના બીહાઈ ગ્રેડ કલાકાર છે.) ને ગાંધીનગર નોકરી કરતાં મળતાં સુરેશભાઈએ તેમની સાથે રહીને સે.૧૬ની માધ્યમિક શાળામાં અભ્યાસ શરૂ કરીને ૧૯૭૪થી ગાંધીનગર વાસી બન્યા. સે.૧૬ની શાળામાં અનેક સંગીત પ્રેમી, સન્માનીય, શિક્ષકો - ઉષાબેન પંડિત, જયાબેન ક્રિશ્ચિયન, જે.એમ. પ્રજાપતિ, વિ.ના પ્રોત્સાહન અને સહકાર વડે સુરેશભાઈની સંગીત સફરને પાંખો મળી અને શાળામાં સંગીતના અનેક કાર્યક્રમો કર્યા. સંગીત સેવા બદલ શાળા તરફથી સુરેશભાઈને પ્રથમ સન્માનપત્ર પ્રાપ્ત થયું. અને સુરેશભાઈની પ્રવૃત્તિ પણ વેગવાન બની.

૧૯૭૮-૭૯માં નવગુજરાત કોમર્સ કૉલેજ, અમદાવાદમાં પ્રવેશ કર્યો. કૉલેજ અભ્યાસ દરમિયાન વાર્ષિકોત્સવ, સ્પર્ધાઓ અને યુવક મહોત્સવોમાં પણ ભાગ લઈને અનેક ઈનામો જીત્યા. ઉપરાંત કૉલેજમાં સતત ત્રણ વર્ષ ટેલેન્ટ ઈવનિંગમાં વિજેતા થવા બદલ કૉલેજ તરફથી સન્માન કરવામાં આવ્યું. સુરેશભાઈની સંગીત સફરની ઉડાનમાં કૉલેજના આચાર્ય એમ.સી.શાહ. પ્રોફેસર ગણ વિ. નો સહકાર પ્રાપ્ત થયો. બી.કોમ. અને એલ.એલ.બી.ની ડીગ્રી આ જ કૉલેજમાંથી મેળવી. અને પ્રખ્યાત પ્લેબેક સિંગર મોહંમદ રફીના ગીતોની ચાહત અને તેની આબેહૂબ રજૂઆતના કારણે સંગીત ક્ષેત્રે 'વોઈસ ઓફ રફી'ની ઓળખે ઉભી થઈ. કૉલેજ ઉપરાંત યોજાતી અનેક સ્પર્ધામાં અને અન્ય કાર્યક્રમોમાં લાખિયા બ્રધર્સ, ભૂપેન્દ્રભાઈ પટેલ, ચિમનભાઈ પટેલ વિ.ના વિશેષ સહકારથી સુરેશભાઈએ ખૂબ પ્રસિદ્ધિ મેળવી.

કૉલેજ અભ્યાસ પૂર્ણ થતાં ૧૯૮૨માં સુરેશભાઈ સરકારી નોકરીમાં ગાંધીનગર જોડાયા. નોકરી સાથે સંગીત પ્રવૃત્તિતો ચાલુ જ હતી. અને આકાશવાણી અમદાવાદના 'યુગવાણી' કાર્યક્રમમાં ગાયક તરીકે માન્યતા મળી. ૧૯૮૪માં ત્રિકમભાઈ અને મયંકભાઈ દવેદ્વારા 'સુરમધુર કલાવૃંદ' સંસ્થઆની સ્થાપના સાથે જ સુરેશભાઈ પણ તેમાં જાડાયા. ૧૯૮૪થી આજ દિન સુધી સુરમધુર સંસ્થાના દરેક કાર્યક્રમોમાં સુરેશભાઈએ પોતાન કંઠના કામણ પાથર્યા છે. સુગમ સંગીત, રાસ-ગરબા, ઓરકેસ્ટ્રાના અનેક કાર્યક્રમોમાં 'સુરમધુર' સાથે ગુજરાત ઉપરાંત ગોવા, મહારાષ્ટ્ર, કેરાલા, તામિલનાડુ, પોંડીચેરી, આંધ્રપ્રદેશ, ઓરીસ્સા, ઉત્તરાંચલ, વિ. રાજયોમાં મુખ્ય લોકગાયક તરીકે સ્વર આપ્યો. ઓરકેસ્ટ્રાના અનેક કાર્યક્રમોમાં રફીના મસ્તી ભર્યા તોફાની અંદાજમાં ગાયેલા ગીતોથી અને નશીના અવાજથી સુરેશભાઈએ 'વોઈસ ઓફ રફી'ની ઓળખ કાયમી બનાવી લીધી.

ગીત-સંગીતમાં કોઈ વાડાબંધી નહીં સ્વીકારતા સુરેશભાઈ દરેક પ્રકારનું સંગીત ગાઈ શકે છે. ૧૯૮૫માં ઓરીએન્ટ કલબ, અમદાવાદ, આયોજિત 'મુકેશ પ્રતિભા શોધક સ્પર્ધા'માં સમગ્ર ગુજરાતમાંથી આવેલા ૭૦૦ કલાકારોમાંથી દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરીને ગાંધીનગરને ગૌરવ અપાવ્યું હતું. તે જ વર્ષે જાણીતા ગઝલ ગાયક પંકજ ઉધાસ આયોજિત 'અખિલ ગુજરાત શેખાદમ આબુવાલા ગીત - ગઝલ સ્પર્ધા' માં સમગ્ર ગુજરાતમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કરી ગૌરવ પ્રાપ્ત કર્યું. નિર્ણાયકો તરીકે પધારેલા પંકજ ઉદાસ, મનહર ઉધાસ, મહેશ કનોડિયા, મુમતાજ રાશિદ પણ સુરેશભાઈએ રજૂ કરેલ ગઝલના 'મત્લા' અને 'મક્તા' પર આફરિન થઈને 'વાહ વાહ' પોકારી ઉઠતા હતા. આ જ સ્પર્ધાનાં બીજા વર્ષે આયોજન સમયે ગત વર્ષના વિજેતાઓને પ્રસ્તુતિ કરવા આમંત્રણ મળતા સુરેસભાઈને વિખ્યાત સંગીતકાર નૌશાદજી અને ગીતકાર મઝરૂહ સુલ્તાનપુરી સમક્ષ ગઝલ રજૂ કરવાની તક મળી હતી. જેને સુરેશભાઈ ગૌરવભેર યાદ કરે છે. અત્રે ઉલ્લેખનીય છે કે અમદાવાદની હોટેલ 'કામા' અને 'ફોર્ચ્યુન લેન્ડ માર્ક' ના કાયમી ગઝલ ગાયક તરીકે સુરેશભાઈ જ હોય! કહુ છું જવાનીને પાછી વળી જા, દિવસો જુદાઈના જાય છે વિ. ગઝલોની ફરમાઈશ હોય જ!

૧૯૮૭માં રાજકોટ બદલી થતાં સુરેશભાઈની સંગીત પ્રવૃત્તિનો વ્યાપ વધ્યો. રાજકોટ આકાશવાણી પરથી અનેક કાર્યક્રમો રજૂ કર્યા. જાણીતા ફિલ્મી ઓરકેસ્ટ્રા 'માર્સ ઓફ મ્યુઝીક' અને 'મ્યુઝીકલ મેલોઝ' સાથે સૌરાષ્ટ્રના અનેક નાના-મોટા શહેરોમાં જાણીતા કલાકારો ભદ્રાયુ ધોળકીયા, સોનલ થાપા, બિમલ શાહ, હેમંત ચૌહાણ, બિહારી ગઢવી વિ. સાથે કાર્યક્રમો કર્યા.

ગાંધીનગરની જાણીતી સંસ્થા 'સુરમધુર'ના દૂરદર્શન પર રજૂ થયેલા કાર્યક્રમોમાં સુરેશભાઈએ મુખ્ય ગાયક તરીકે પ્રસ્તુતિ કરીને શ્રોતાઓના હૃદયમાં છવાઈ ગયા. ઉપરાંત જાણીતી સંસ્થઆ રંગોલી અને રમઝટ ના કાર્યક્રમોમાં પણ મુખ્ય ગાયક તરીકે ગુજરાત, ગોવા, રાજસ્થાન, ઓરિસ્સા, કલકત્તા વિ. રાજયોમાં કાર્યક્રમો પ્રસ્તુત કર્યા, પહાડી અવાજથી કસુંબલ ગીતોના વૈભવ સમા ભજનો, દુહા-છંદ, લોક ગીતો ગાતા સુરેશભાઈએ શ્રોતાઓને રસતરબોળ કરી દીધા હતા.

સુરેશભાઈએ સંગીતના અનેક પ્રકારો સુગમ સંગીત, લોકગીત, ભજન, રાસ-ગરબા, ગઝલ અને ફિલ્મી સંગીતમાં ખૂબ નામના મેળવી. ગાંધીનગરના જાણીતા ગાયિકા પુષ્પાબેન વૈષ્ણવના આરાહ, પ્રોત્સાહનથી લગ્નગીતો ગાવાનું પણ શરૂ કરીને તેમાં પણ સુરેશભાઈએ સફળતા પ્રાપ્ત કરી. આમ સંગીતના દરેક સુકાન પર વાવટો ફરકાવ્યો.

વૈવિધ્યસભર સંગીતને વરેલા સુરેશભાઈની સંગીત સફર હવે તો ઉડાન ભરવા લાગી. દૂરદર્શન, અમદાવાદ પરથી તેમણે અનેક કાર્યક્રમો રજૂ કર્યા છે. અનેક દસ્તાવેજી ફિલ્મો જેવી કે દરિયાના દ્વાર, જાગતા રહેજો, અછતનું આયખું વિ. માં સુરેશભાઈએ પોતાનો મધુરો સ્વર આપ્યો છે. આ ઉપરાંત સુરેશભાઈની ઓડીયો, કેસેટ્સ પણ ખૂબ લોકપ્રિય થઈ છે. જેમાં 'જય સંતોષી મા', જય ઝાંઝરકા સંત રંગીલા (સંતશ્રી સવૈયાનાથનો મહિમા), પીરના પ્રગટ પીરાણા, ઓમ તત્સત ગરબા, પ્રભાતિયા, હોળીના ફાગ, આરતી, ભજન-ધૂન વિ. મુખ્ય છે.

ગાંધીનગરની જાણીતી સંસ્થા કલ્ચરલ ફોરમ, શિવરંજની, રોહિદાસ સેવા સમાજ, રોટરી કલબ, લાયન્સ કલબ, જેસીઝ, જૈન સોશ્યિલ ગ્રુપ, ધૂમ મ્યુઝીકલ ગ્રુપ, સરગમ સ્કૂલ ઓફ ડાન્સ એન્ડ મ્યુઝીક, ગણેશોત્સવ (સે.૨૨), ગુરૂ બ્રાહ્મણ વિકાસ પરિષદ, સૌરાષ્ટ્ર કચ્છ મિત્ર મંડળ વિ.ના સંગીતના કાર્યક્રમોમાં સુરેશભાઈએ શ્રોતાઓનાં મન મોહી લીધા છે.

આકાશવાણીના બી હાઈ ગ્રેડના માન્ય કલાકાર સુરેશભાઈ રાજયના વિવિધ વિભાગોની જિલ્લા કક્ષાની સંગીત સ્પર્ધાઓમાં અને ગાંધીનગરની શાળાઓ, કૉલેજો, સ્થાનિક સરકારી - બિન સરકારી સંસ્થાઓ વિ.ની સંગીત સ્પર્ધાઓમાં નિર્ણાયક તરીકે વર્ષોથી યોગદાન આપે છે.

ગુજરાતના મા. રાજયપાલશ્રી નવલકિશોર શર્મા અને કમલાદેવી બેનીવાલ, તામિલનાડુ, ઓરિસ્સા અને પોંડીચેરીના મા. રાજયપાલશ્રીઓ, ગુજરાતના. મા. મુખ્ય મંત્રીઓ બાબુભાઈ જે. પટેલ, કેશુભાઈ દેસાઈ, માધવસિંહ સોલંકી, શંકરસિંહ વાઘેલા, નરેન્દ્રભાઈ મોદી, અન્ય રાજયોના મુખ્યમંત્રીઓ, કેન્દ્ર સરકારના મંત્રીશ્રીઓ, રમત જગતની વિખ્યાત હસ્તીઓ તથા દેશ-વિદેશના અનેક મહાનુભાવો સમક્ષ ગાવાનું સદ્ભાગ્ય સુરેશભાઈને સાંપડ્યું છે, જેનો તેમને ગર્વ છે. ફિલ્મ જગતના જાણીતા ગાયકો - સ્વરકારો કલ્યાણજી આણંદજી, નૌશાદજી, અમર હલ્દીપુર, પંકજ અને મનહર ઉદાસ, સાધના સરગમ, મજરૂહ સુલ્તાનપુરી (શાયર) મુમતાઝ રાશિદ, દિલીપ ધોળકીયા, આસિત-હેમા દેસાઈ વિ. સમક્ષ તથા સહ પ્રસ્તુતિ કરવાની તક પણ સુરેશભાઈને પ્રાપ્ત થઈ હતી.

૧૯૯૩ થી ૨૦૦૦ દરમિયાન મુંબઈના બોરીવલી, ડોંબીવલીના નવરાત્રીના અનેક કાર્યક્રમો સુરેશભાઈના કંઠથી ગુંજી ઉઠ્યા હતા. ગુજરાતના નામી ગાયકો અને સંગીતકારો જેવા કે - પ્રફુલ્લ દવે, હેમંત ચૌહાણ, અભેસિંહ રાઠોડ, બિહારી ગઢવી, યોગેશ ગઢવી, ગોપાલ બારોટ, ઈન્દિરા શ્રીમાળી, ગૌરાંગ વ્યાસ, શ્યામલ - સૌમિલ મુનશી, હર્ષિદા રાવલ, ગફુરખાન - ફખીરખાન માગણિયાર (રાજસ્થાન), પાર્થિવ ગોહિલ, સંજય ઓઝા, નયન પંચોલી, નીરજ પરીખ, કલ્યાણી કૌઠાળકર, હસમુખ પાટડીયા, તેજનબાઈ (મધ્ય પ્રદેશ), રસિકભાઈ ભોજક વિ. સાથે કાર્યક્રમો રજૂ કર્યા હતા. ૧૯૮૪થી આજ દિન સુધી સુરમધુર સંસ્થાના કાર્યક્રમોમાં પોતાનો કંઠ રજૂ કરવાની તક મળી તે માટે સુરેશભાઈ સુરમધુર સંસ્થાના મયંક દવેના આભારી છે.

સુરેશભાઈની સંગીત સફરમાં યશ કલગી સમાન ભારત સરકારની આઈ.સી.સી.આર. (ઈન્ડિયન કાઉન્સીલ ફોર કલ્ચરલ રીલેશન્સ) સંસ્થાની રજિસ્ટર્ડ થયેલ પેનલ પર તેઓની આર્ટીસ્ટ તરીકે નિમણૂંક થયેલ છે. (ગાંધીનગરમાંથી માત્ર બે કલાકારો આ રીતે રજીસ્ટર્ડ થયેલ છે) જે ખરેખર અભિનંદનીય છે!

સંગીત અને જી